# હસતો રમતો ગાય કનૈયો

## (બાલકાવ્યો)

- ચંદ્રકાન્ત રાવ

: પ્રકાશક :

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ–૩૮૮૦૦૧

**Hasto Ramato Gaay Kanaiyo**

A Collection of Children Poetry

by **Chandrakant Rao - 2010**

Pub. by M.M. Sahitya Prakashan,
Mahavir Marg, Anand - 388001.

© સૌ. કલાબેન સી. રાવ

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૧

નકલ : ૫૦૦

મૂલ્ય રૂા. : ૪૦

**હસતો રમતો ગાય કનૈયો**

**ચંદ્રકાન્ત રાવ**

-: સજાવટ :-

ગુર્જરી સાહિત્યાલય ડાકોર

-: મુદ્રક :-

ચરોતર સાહિત્યાલય નડિયાદ

-: પ્રકાશક :-

એમ. એમ. સાહિત્ય પ્રકાશન

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ આણંદ

-: મુદ્રક :-

અર્પણ પ્રિન્ટરી, આણંદ

# અર્પણ

## અમારા સ્નેહસભર પ્રસન્ન દાંપત્યને



સુખ દુઃખના શીત - ઉનાળે
સાથ નિભાવ્યો સ્નેહે સદા,
કુટુંબ પરિવાર સાચવ્યાં પ્રેમે,
ધન્ય કર્યો સંસાર **કલા**



# શ્રી ચંદ્રકાન્ત રાવની સાહિત્યિક સફર




જાણીતા કવિ અને **‘કુમાર’**ના તંત્રી **શ્રી ધીરુભાઈ પરીખ**ને તા. ૨૪-૧-૦૯નાં રોજ **પ્રેમાનંદ સુવર્ણ ચંદ્રક** અર્પણ કરવાના પ્રસંગે (ડાબેથી) ડૉ. લવકુમાર દેસાઈ, સંસ્થાના પ્રમુખ શ્રી ચંદ્રકાન્ત રાવ, ડૉ. ધીરુભાઈ પરીખ, પદમશ્રી સિતાંશુ મહેતા, ડૉ. સુભાષ દવે, શ્રી સુરેશ શાહ અને ઉપપ્રમુખશ્રી જગદીશભાઈ શાહ (વકીલ)

## -: થોડાક અભિપ્રાય :-

આ સંગ્રહ (ચાંદામામા પોળી)માં કવિએ બાળકના ચિત્તની ચંચળતાનો ખ્યાલ રાખી નાનાં કાવ્યો લખવાનો પ્રયત્ન કર્યો છે, તો થોડાંક લાંબા કાવ્યો પણ છે. કવિ પોતાનાં કાવ્યો દ્વારા બાળકોમાં દેશપ્રેમ, પ્રકૃતિપ્રેમ અને માનવપ્રેમનું સિંચન કરે છે.

**- યશવંત કડીકર (તાદર્થ્ય, જુલાઈ ૨૦૦૭)**

'ગોરી મારા ગામની' એ જાણીતા લેખક, કેળવણીકાર અને પ્રેમાનંદ સાહિત્ય સભાના પ્રમુખશ્રી ચંદ્રકાન્ત રાવનો ઉત્તમ સંગ્રહ છે, જેને વાંચકો અને વિવેચકોએ આવકાર્યો છે.

**- ગુજરાત દર્પણ (જાન્યુઆરી, ૨૦૦૮)**

શ્રી ચંદ્રકાન્ત રાવની કલમ સાહિત્યનાં અનેક સ્વરૂપોમાં વિહરે છે. તેઓ સફળ સાહિત્યકાર છે. 'ચંદામામા પોળી'નું વિષય વૈવિધ્ય ન્યારું છે. અહીં પ્રત્યેક કાવ્યે આનંદની છોળો ઊડે છે. ઉખાણાં અને કોયડા એની વિશેષતા છે.

**- રવીન્દ્ર ઠાકોર (કિતાબઘર-લોકસભા જનસભા, ૨૩-૯-૦૭)**

'ગોરી મારા ગામની'માં દેશપ્રેમ, પ્રાંતપ્રેમ અને શ્રમિકોનાં ચિત્રો છે. નારી ચેતનાનાં અનેક દશ્યો અહીં ઝીલાયાં છે. ચંદ્રકાન્તભાઈ સફળ લેખક અને કવિ તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યા છે.

**- પ્રફુલ્લ ભારતીય (સાક્ષરભૂમિ, સાહિત્ય સૌરભ, ૨૩-૧૧-૦૭)**

બાલકાવ્ય શ્રી ચંદ્રકાન્તભાઈના કાવ્યસર્જનની વિશેષ મહેક છે. સાંભળવા ગમે, પછી બોલવાં ગમે અને પછી તો ગણગણતાં જ રહીએ એવાં લયમાં ભાવનું નિરૂપણ થયું છે. 'મોહન મોરલીવાળો'ની રચનાઓ સંચયની ચિરંજીવ સ્મૃતિ બની રહેવા સક્ષમ છે.

**- ડૉ. વિરાંચી ત્રિવેદી**

**(જાણીતા કવિ, વિવેચક)**

શ્રી ચંદ્રકાન્ત રાવના કાવ્યસંગ્રહ 'ગોરી મારા ગામની'માં પ્રેમદીવાની મીરા, કૃષ્ણઘેલી રાધા કે શ્રમજીવી શ્યામા જેવાં અનેક પાત્રોના હૃદયભાવ ઝીલાયા છે, તો ગોકુળિયા ગામથી માંડી ગુજરાત પ્રેમ કે દેશપ્રેમની ભાવના વ્યક્ત થઈ છે. અહીં વસંત અને વર્ષાનાં ઋતુગીત છે તો ઊર્મિગીતો, ભક્તિગીતો કે દેશપ્રેમનાં ગીતોની ફૂલગૂંથણી છે. કટાક્ષ કાવ્યો, અંજલિ કાવ્યો કે અછાંદસ રચનાઓ પણ માણવી ગમે એવી છે. પ્રત્યેક ગીતમાં કવિનો પ્રકૃત્તિ પ્રેમ અને માનવ પ્રેમ દષ્ટિગોચર થાય છે.

**- કીર્તિકાન્ત પુરોહિત**

**(જાણીતા કવિ, વાર્તાકાર)**

## 'હસતો રમતો ગાય કનૈયો' વિષે

**મારી વાત...**

છેલ્લાં થોડાં વર્ષોથી હું નવલિકાઓ કે નવલકથાની સાથે સાથે બાલકાવ્યો પણ લખું છું અને અત્યાર સુધીમાં મારા ત્રણ બાલકાવ્યસંગ્રહો પ્રગટ પણ થયા છે એનો આનંદ છે.

આ સંગ્રહ પણ બાળકોના ગમા–અણગમા, રુચિ, અને રસને ધ્યાનમાં રાખીને લખેલાં બાલકાવ્યોમાંથી પસંદ કરી તૈયાર કર્યો છે. બાળકમાં દેશપ્રેમ પાંગરે એવાં કાવ્યો આમાં છે, તો ભગવાનમાં એમની શ્રધ્ધા વધે એવાં અને ધાર્મિકવાડાની નિરર્થકતા એમને સમજાય એવાં કાવ્ય પણ છે. બા, દાદા, પપ્પા, મમ્મી, બેન અને ભાઈ જેવાં સ્વજનો છે; તો વર્ષા, વસંત જેવી ઋતુઓ, દિવાળી કે રક્ષાબંધન જેવાં પર્વો વગેરેનાં કાવ્યો પણ છે. કૃષ્ણ, રાધા, રામ–સીતા, ભરત, હનુમાનજી વગેરે જેવાં આદર્શ પાત્રોનો પણ બાળકને પરિચય કરાવ્યો છે; તો મોર, કૂકડો, પોપટ જેવાં પંખીઓ પણ બાળકને અહીં મળશે. શહેર અને ગામડાના ભેદ સમજાવતાં કાવ્ય પણ અહીં છે. બાળકોને ખૂબ ગમતાં અને જ્ઞાન સાથે ગમ્મત આપતાં ઉખાણાંય આ સંગ્રહમાં જોવા મળશે. આ કાવ્યો વાંચતાં બાળકો પણ કનૈયાની જેમ ગાતાં, હસતાં, રમતાં થાય તો શ્રમ સાર્થક થશે.

બાળકાવ્યમાં ગેયતા અને લય બહુ અગત્યનાં છે એ લક્ષમાં રાખ્યું છે. બાળકોનું શબ્દભંડોળ વધે એ ધ્યાનમાં રાખી જુદા જુદા શબ્દપ્રયોગો કાળજીપૂર્વક કર્યા છે. માટે જ મને શ્રધ્ધા છે કે મારા અન્ય બાળકાવ્ય સંગ્રહોની જેમ આ કાવ્યસંગ્રહ પણ વાચકો, વિવેચકો અને બાળકોની સાથે સાથે એમનાં વડીલોને પણ ગમશે.

મારી સાહિત્યિક પ્રવૃત્તિમાં સતત રસ લેતાં મારાં ધર્મપત્ની સૌ. કલાબેને અન્ય સંગ્રહોની જેમ આ સંગ્રહ તૈયાર કરવામાં પણ મને પ્રોત્સાહક બળ આપ્યું છે. એની નોંધ લઉં છું.

પ્રેમાનંદ સાહિત્ય સભાના પ્રમુખ તરીકે ઘણા કવિમિત્રો સાથે વિચારવિમર્શ થાય છે. કદાચ આ સંગ્રહ માટે એનો પણ પરોક્ષ ફાળો હોય.

આ સંગ્રહ પ્રગટ કરવાનું શ્રેય એમ. એમ. સાહિત્ય પ્રકાશન (આણંદ)ને છે. શ્રી યાકુબભાઈને એ માટે ધન્યવાદ.

**– ચંદ્રકાન્ત રાવ**

સી/૧૩, કસ્તુરી નગર,
માંજલપુર નાકા, લાલબાગ રોડ,
વડોદરા – ૩૯૦૦૦૪ (ફોન : ૨૬૫૭૩૫૯)

## શ્રી ચંદ્રકાન્ત રાવનાં પુસ્તકો

**નવલકથા :-**

૧. પ્રેમદીવાની (ત્રણ આવૃતિ)
૨. આરાધના (ગ્રન્થસ્થ અને ધારાવાહિક)
૩. જેલમ જંપી ગઈ (બે આવૃત્તિ)
૪. સામે કાંઠે શ્યામ (બે આવૃત્તિ)
૫. રમત રમાડે રામ
૫-એ. સ્નેહવર્ષા ('પ્રેમદીવાની'ની બીજી આવૃત્તિ)
૬. કુમકુમ પગલે

**વાર્તાસંગ્રહ :-**

૧. સ્નેહદીપ
૨. ઘરભણી
૩. આંબાની ડાળે
૪. પીળાં પાંદડાંની લીલાશ

**કાવ્યસંગ્રહ :-**

૧. ગોરી મારા ગામની

**બાળકાવ્ય સંગ્રહ :-**

૧. છબછબિયાં
૨. ચાંદામામા પોળી
૩. મોહન મોરલીવાળો
૪. છૂક છૂક ગાડી
૫. હસતો રમતો ગાય કનૈયો
૬. નંદ ઘેર આનંદ ભયો

**ચિંતન લેખો :-**

૧. વિસામો



## અનુક્રમણિકા


| ક્રમ | કાવ્યનું નામ | પેજ નં. |
|---|---|---|
| ૧ | અમે બાલુડાં નાનાં ભારતનાં | ૧ |
| ૨ | દર્શન પ્રભુજી આપો | ૨ |
| ૩ | પ્રભુકૃપા | ૩ |
| ૪ | દીવડા મૂકે ગોખમાં | ૪ |
| ૫ | સત્યનો સદા વિજય | ૫ |
| ૬ | બાળી એમણે લંકા નગરી | ૬ |
| ૭ | રાષ્ટ્રીય પક્ષી | ૭ |
| ૮ | બા દાદાનું હૈયું હરખાય | ૮ |
| ૯ | ઓળખો જોઈએ (ઉખાણાં) | ૯ |
| ૧૦ | શહેરે દુઃખી થઈ ગયા | ૧૦ |
| ૧૧ | મેઘરાજાનાં અર્ચન કરશું | ૧૧ |
| ૧૨ | રાસ હવે રચાવોને | ૧૨ |
| ૧૩ | મમ્મી હું આકાશે ઊડીશ | ૧૩ |
| ૧૪ | ચક્ર ફરતું સુખદુઃખનું | ૧૪ |
| ૧૫ | દર્શન પ્રભુનાં થાય | ૧૫ |
| ૧૬ | મોટાં થઈને | ૧૬ |
| ૧૭ | રક્ષાની આશિષ રૂડી | ૧૭ |

| | | |
|---|---|---|
| ૧૮ | બંસીધરે પર્વત ધર્યો | ૧૮ |
| ૧૯ | ઝૂલે ઝૂલો (હાલરડું) | ૧૯ |
| ૨૦ | કહો એનો ઉત્તર ભાઈ (ઉખાણાં) | ૨૦ |
| ૨૧ | પરોપકારનું કામ જ કરવું | ૨૧ |
| ૨૨ | પા પા પગલી ભરતો | ૨૨ |
| ૨૩ | 'ગોડ' કહો યા અલ્લા ઈશ્વર | ૨૩ |
| ૨૪ | સૌની પ્યારી વર્ષારાણી | ૨૪ |
| ૨૫ | રામાયણ - સાર | ૨૫ |
| ૨૬ | કરો ખમૈયા બાપ | ૨૬ |
| ૨૭ | કુરિયરવાળો આવ્યો છે | ૨૭ |
| ૨૮ | પીને બાળક ખુશખુશાલ | ૨૮ |
| ૨૯ | કદી બાગમાં ફરવા જાઉં | ૨૯ |
| ૩૦ | હવે તો | ૩૦ |
| ૩૧ | બાલનટ | ૩૧ |
| ૩૨ | હું ને મારી નાની બેન | ૩૨ |
| ૩૩ | વેરાન વગડો શોભિત થયો! | ૩૩ |
| ૩૪ | કરો સમયસર કામ | ૩૪ |
| ૩૫ | ખેલ આકાશે થાય | ૩૫ |
| ૩૬ | શૂરવીર સૈનિક ભારતના | ૩૬ |
| ૩૭ | સેવાનો સંદેશો | ૩૭ |





| | | |
|---|---|---|
| ૩૮ | વૈકુંઠનું સુખ પામ્યા | ૩૮ |
| ૩૯ | કરસનકાકાએ દીધાં ઈનામ | ૩૯ |
| ૪૦ | હું તોફાની મસ્તીખોર | ૪૦ |
| ૪૧ | ચણતર પાયાનું કરવું છે | ૪૧ |
| ૪૨ | વાદળ છે જીવન - આધાર | ૪૨ |
| ૪૩ | બાળ સૈનિક બહાદુર | ૪૩ |
| ૪૪ | દડબડ કરતું ચાલ્યું | ૪૪ |
| ૪૫ | 'અછાલિયા' નામે ગામ એક | ૪૫ |
| ૪૬ | કદમ મિલાવો | ૪૬ |
| ૪૭ | રજવાડે એનાં માન (ઉખાણાં) | ૪૭ |
| ૪૮ | રવિવાર એમ ઊજવશું | ૪૮ |
| ૪૯ | રેલગાડી | ૪૯ |
| ૫૦ | હસતો રમતો ગાય કનૈયો | ૫૦ |


હસતો રમતો ગાય કનૈયો

## ૧. અમે બાલુડાં ભારતનાં

અમે બાલુડાં નાનાં ભારતનાં,
છે પ્યારી અમોને ભારત મા,
અમે સત્ય સદાયે બોલીશું,
બૂરું કશું ના કદી કરીશું,
પરનો કાજે જીવન અમારું,
કશો અમારે સ્વારથ ના - અમે.

દયા ધર્મનું પાલન કરશું,
જીવમાત્રની રક્ષા કરશું,
અહિંસાનાં શસ્ત્ર ગ્રહીનો
સત્ય તણી સૌ ઢાલ ધરશું,
જીવનપથ પર ધીર બનીને,
ડગ સહુ સંગ દેવાના - અમે.

❇❇❇



## ૨. દર્શન પ્રભુજી આપો

દર્શન દેજો પ્યારા પ્રભુજી
બાળક છું હું નાનો,
પૂજા આરતી કશું ન જાણું,
હાથ પ્રભુજી ઝાલો.

માતા સાથે મંદિર આવ્યો
દિલ પ્રભુ ના તોડો,
ફૂલ સુગંધિત હાથમાં લઈનો
આવ્યો છું શિશુ ભોળો.

પ્રહ્લાદ નથી હું, ધ્રુવ નથી હું,
અબોધ બાળક જાણો,
તોયે તડપું મળવા માટે,
દયા પ્રભુ મન આણો..

❇❇❇



## ૩. પ્રભુકૃપા

બાલુ છોકરો બહુ તોફાની,
કરતો રહે સદા મનમાની,
કોઈનું કહ્યું એ માને નહીં,
ભટકયા કરે અહીં તહીં.

માતા પિતા ચિંતા કરે,
વાત કશી ના કાને ધરે,
શાળામાં સારી એની ના છાપ,
તોય થતો પરીક્ષામાં પાસ!

નવમામાં એ શાણો થયો,
દશમામાં તો ડાહ્યો ડમરો,
ખૂબ ધ્યાનથી વાંચ્યું ને ફાવ્યો,
બોર્ડમાં દસમો નંબર આવ્યો!

બાલુનો થયો જય જયકાર,
પેપરમાં એના ફોટાની હાર,
સ્વભાવ બદલાતાં ના લાગે વાર,
પ્રભુકૃપા જીવનનો આધાર.

❇❇❇



## ૪. દીવડા મૂકે ગોખમાં

દીવાળીના દિવસ તો
આનંદના કહેવાય,
ફટાકડા ફોડી સૌ જન
હરખઘેલાં જો થાય.
દીવડા મૂકે ગોખમાં,
રોશનીનો ઝબકાર,
કપડાં નવાં પહેરી બાળકનું
મુખ-કમલ મલકાય.
નિત નવી મીઠાઈ ખાઈને
ભૂલકાં ખેલે હોંશે,
દિવાળીના દિનમાં ઘર ઘર
આનંદ ઉત્સવ થાય.





❇❇❇



## ૫. સત્યનો સદા વિજય

સત્ય હંમેશાં બોલજો બાળક,
સાચાં કામ જ કરજો,
સત્યનો સદા વિજય થાય છે
એ વિશ્વાસ મન ધરજો.

સત્ય બોલ્યા ગાંધી બાપુ,
અહિંસા પણ પાળી,
આઝાદ થયો આ દેશ તેથી,
માની લાજ વધારી.

સત્યથી સુયશકીર્તિ મળશે,
અસત્ય અધવચ ડૂબવશે,
સજ્જન હોય તો સાચું બોલે,
જગત કદી ભૂલવશે.

❇❇❇



## ૬. બાળી એમણે લંકા નગરી

ગામનો પાદર મંદિર મોટું,
સફેદ સુંદર આરસ મઢ્યું,
રામ સીતાની મૂર્તિ જોડે,
ઊભા લક્ષ્મણ વીરા શોભે,
ધનુષધારી છે બંને બંધુ,
મુખ ઉપર બહુ તેજ વિલસતું.

મુકુટ માથે લલાટ તિલક,
કાને કુંડલ ઝલ્લક ઝલ્લક,
બહાર ચોકી બજરંગબલીની,
ગદા હાથમાં મોટી છે જબરી.
લાંબી પૂછ ને મોટી આંખ,
કરી એમણે લંકા રાખ.

❇❇❇

## ૭. રાષ્ટ્રીય પક્ષી

ટે..હૂ..ક ટે..હૂ..ક મોર કરે,
ચોમાસો કલશોર કરે,
સુંદર પીછાંથી શોભી રહે,
વાદળ જોઈ નાચ કરે.

માથે રૂડી કલગી દીપે,
ઢેલ સંગ એ ગેલ કરે,
પુચ્છ પસારી કળા કરે,
'રાષ્ટ્રીય પક્ષી' ચિત્ત હરે.

❇❇❇





## ૮. બા-દાદાનું હૈયું હરખાય

ભાઈ મારો નાનો મજાનો,
ઘોડિયે ઊંઘતો છાનોમાનો,
રડે ત્યારે બા હીંચોળે,
હાલા સાંભળી રહે એ છાનો.

જાગે ત્યારે મમ્મીને શોધે,
દૂધ પાય એનો હોંશે,
પછી ભાઈને હું રમાડું,
બિસ્કિટ મીઠાં એનો ખવાડું.

એમ ભાઈ મોટો થયો,
હસતો હસતો નિશાળે ગયો,
મમ્મી એનો મૂકવા જાય,
બા-દાદાનું હૈયું હરખાય.

❇❇❇



## ૯. ઓળખો જોઈએ
## (ઉખાણાં)

(૧) કાળો એનો રંગ છે,
વસતી એનો સંગ છે,
કર્કશ અવાજે શોર કરે,
એઠું ખાઈને પેટ ભરે.



(૨) ઘ..ર..ર કરતી ફર્યા કરે,
અનાજનો કચ્ચર ઘાણ કરે,
ગરીબ ધનિકના ભેદ ન એને
જરૂર એની સૌને પડે.

(૩) લીલો સુંદર રંગ એનો,
લાલ વાંકી એની ચાંચ,
પિંજર એને લોક પૂરે,
માણસ જેવું બોલવા કરે.



❇❇❇

જવાબ : (૧) કાગડો (૨) ઘંટી (૩) પોપટ



## ૧૦. શહેરે દુ:ખી થઈ ગયા!

બાનો ખોળો ખૂંદતાં ખૂંદતાં
અમે બાળક મટી ગયાં,
ધૂળે રમતાં પડતાં હસતાં
માણસ મોટાં થઈ ગયાં.

ખેતર ખાતા પોંક તાજો,
જુવાર-સાંઠા ત્યાં ચૂસતા,
માળે બેસી પંખી જોતા,
શહેરે સસ્તા થઈ ગયા.

ચડ્ડી ખમીસ પહેરી ફરતા,
સ્લેટ-પેનથી લખતા,
કોલેજમાં ભણવા ગયા ને
શહેરી મોટા થઈ ગયા.

કેવું રૂડું ગામ ગોકુળિયું
હતું હૈયાનો પ્યારું,
શુદ્ધ હવા પાણી છોડી,
શહેરે દુ:ખી થઈ ગયા!

❇❇❇

## ૧૧. મેઘરાજાનાં અર્ચન કરશું

અમે બાળક નાનાં ભણશું ગણશું,
જ્ઞાન ઝરણે સ્નાન કરશું,
સૌ સાથે સંપીને રહીશું,
અશાંતિ જગમાંથી હરશું.

આબાદ આપણો દેશ કરશું,
દુનિયાથી એનો જુદો ઘડશું,
વેરઝેર ના મનમાં ધરશું,
વચન બાપુનાં યાદ કરશું.

વેરાન ભૂમિમાં વૃક્ષો વાવી,
મેઘરાજાનાં અર્ચન કરશું,
ખેતર અનાજ ફળ પકવશું,
ગામડાં નાનાં સુખી કરશું.

❉❉❉





## ૧૨. રાસ હવે રચાવોને

રાહ જુએ છે રાધા કાના
ગાયો ચરાવી આવોને,
ગોવાળ આતુર દર્શન માટે,
મોરલી મધુર બજાવોને.

માખણ લઈને ગોપી ઊભી
ખાવા કાના આવોને,
સરવર ન્હાતી સખીઓ ઘેલી,
તટનાં વસ્ત્ર ચુરાવોને.

એમ કહેતાં વાંસળી વાગી,
હૈયે હરખ જગાવોને,
કાનો ઊભો રાધા સંગે,
રાસ હવે તો રચાવોને.

❉❉❉

## ૧૩. મમ્મી હું આકાશે ઊડીશ

મમ્મી હું આકાશે ઊડીશ,
પંખીથી પણ ઊંચે જઈશ,
ઉપરથી સૌને બૂમ મારીશ,
સમાચાર સૌના હું પૂછીશ.

તળાવ જંગલ બાગ જોઈશ,
ઘર ગામ ને ખેતર ભાળીશ,
ઉપર સૂરજ, નીચે ધરતી,
વચ્ચે ઊડવાની મઝા માણીશ.

યાદ બહુ તું મમ્મી આવીશ,
ગજવે ભરીને હવા હું લાવીશ,
પપ્પા મમ્મી ભાઈને આપીશ,
મમ્મી જલદી પાછો આવીશ.

❇❇❇



## ૧૪. ચક્ર ફરતું સુખ દુઃખનું

કદી સફળ ના થાવ તમે તો
ઉદાસ ના જરા ય રહેશો,
પ્રભુએ જે ગણ્યું સાચું તો
તમે પ્યારું ગણી લેજો.

કડવાશ પણ તનના વિકારો
દૂર કરે છે જાણો,
ગમતું ને અણગમતું બધું
પ્રભુ પ્રસાદી જાણી માણો.

કદી ના સ્થિર કશું રહેતું,
તાપ પછી થશે છાંયો,
ચક્ર ફરતું સુખ ને દુઃખનું,
એ સત્ય વ્હાલાં બાળક જાણો.

❇❇❇

## ૧૫. દર્શન પ્રભુનાં થાય

વન ઉપવનમાં હરતાં ફરતાં
આનંદ અંતર થાય,
ફૂલ સુવાસિત સ્વચ્છ વાયુ
પ્રભુના ગુણ સૌ ગાય.

કલરવ કરતાં પંખી પ્યારાં
ભાળી મન હરખાય,
હરણ સસલાં શિયાળ હાથી
સૌ સ્વચ્છંદે મલકાય.

કદી ગરજતાં, કદી વરસતાં
વાદળ ગગન વિખરાય,
મન મૂકીને કુદરત ખીલી ત્યાં
દર્શન પ્રભુનાં થાય.

❈❈❈



## ૧૬. મોટાં થઈને

મોટાં થઈને ભણવા માટે
ગામ ભાગોળે નિશાળે જઈશું,
નિશાળે જઈને લખી વાંચીને
જ્ઞાન તણા ઝરણામાં ન્હઈશું.

કોલેજ જઈને ખૂબ ભણીશું,
ભણીગણીને પંડિત થઈશું,
માત પિતાને પૂજનીય જાણી
સાચા મનથી સેવા કરશું.

વડીલોની આશિષ લઈને
પ્રગતિ અમે ઘણી કરશું,
આઝાદીની રક્ષા કરીને
ભારતનો આબાદ કરશું.

❈❈❈



## ૧૭. રક્ષાની આશિષ રૂડી

દૂર બધી હરકત થજો
વીરા, તારા માર્ગની,
સુખ આરોગ્ય બહુ પામજે
રક્ષાની આશિષ રૂડી.

સાથે રમ્યાં મોટાં થયાં,
અપાર સ્નેહે હૈયાં ભર્યાં,
ઠોકર તને વાગતી ત્યારે
મારા પગે રક્ત ઝર્યાં!

આજ ભલે તુજ બેન વીરા,
પરણીને સુદૂર વસી,
હરપળ સ્મરણ હૈયે તારું,
સદા પામજે સંપત હસી.

❉❉❉



## ૧૮. બંસીધરે પર્વત ધર્યો

જાદુ જુઓ કેવો થયો,
બંસીધરે પર્વત ધર્યો,
ફૂંક મારી બંસી બજાવી,
પવિત્ર પ્રેમે ગોપી નચાવી.

નાગ મોટો નાથ્યો ઝેરી,
મટકી ફોડી ગોપી કેરી,
માખણ ચોરી ગોપી ખિજાવી,
રાસ રમાડી પ્રેમે રિઝાવી.

કનૈયાની લીલા ન્યારી,
ગોવાળોને લાગે પ્યારી,
સૌનો ગમતો બાલકનૈયો,
યશોદાનો વ્હાલો છૈયો.

❉❉❉

## ૧૯. ઝૂલે ઝૂલો (હાલરડું)

પોઢો વ્હાલા બાળ, ઝૂલા મહીં આજ
હેતે હીંચોળે માત રે
લાલ મારા, ઝૂલે ઝૂલો.
તમ જીવનમાં ધબકારા લે છે
પિતાના શ્વાસોચ્છ્‌વાસ રે,
લાલ મારા, ઝૂલે ઝૂલો.
એટમ તણો આ યુગ છે અનોખો,
માનવ પહોંચ્યો છે ચાંદ રે,
લાલ મારા, ઝૂલે ઝૂલો.
મોટા થઈને તમે ગજવજો
ભારતનો જયનાદ રે,
લાલ મારા, ઝૂલે ઝૂલો.
ફૂલની ડાળી છો તમે નાના બાળ,
હમણાં કરો આરામ રે,
લાલ મારા, ઝૂલે ઝૂલો.
ઘૂમજો પછીથી દેશ વિદેશે,
રૂડું કમાજો નામ રે,
લાલ મારા, ઝૂલે ઝૂલો.

❇❇❇



## ૨૦. કહો એનો ઉત્તર ભાઈ

(ઉખાણાં)

(૧)
કલગી એનો માથે શોભે,
પીછાં બહુ રળિયામણાં,
વાદળ દેખી થૈ થૈ નાચે,
સૂર એના લોભામણા.

(૨)
રાત્રે ભેગાં રહીએ અમે,
દિવસે થાય વિયોગ,
ચોરોને ના ગમે કદી
બે ભાઈનો સંયોગ.

(૩)
દર એનું ઘર છે,
બિલ્લીનો એને ડર છે,
અનાજ ઘણું ફોલી ખાય,
નવાં કપડાં કાપી જાય,
(કહો એનો ઉત્તર ભાઈ.)

❇❇❇

જવાબ : (૧) મોર (૨) બારણાં (૩) ઉંદર

## ૨૧. પરોપકારનું કામ જ કરવું

વરાળ થઈનો ઉપર ચઢવું,
ઉપર જઈનો વાદળ બનવું,
ગરમી ત્રાસ્યા વ્યાકુળ જીવનું
વર્ષા-જલથી ટાઢા પડવું,
પરોપકારનું કામ જ કરવું.
મબલક માલ ખેતર પાકે,
હોંશે હોંશે પાકનું લણવું,
ખાઈ પી સંતોષે રહેવું,
જીવવું ને જીવવા પણ દેવું,
સૌની સાથે સંપે રહીનો
જીવન આનંદે સાર્થક કરવું.
સૌએ ભેગાં થઈનો રાતો
પ્યારા પ્રભુનું સ્મરણ કરવું.

❇❇❇



## ૨૨. પા પા પગલી ભરતો

કૂકરે કૂ..ક કૂકડો બોલે,
ચીં.. ચીં.. ચીંચીં ચકલી,
કૂકડી પાસો કૂકડો ડોલે,
ધૂળમાં પડે પગલી.
ટેહૂક ટહુકે મોર ચોમાસો,
વસંતે કોયલ ટહુકો,
સુણી મીઠી પોપટ-વાણી
આનંદ પામે લોકો.
ઘૂ..ઘૂ.. ઘૂઘૂ કબૂતર ઘૂઘવે,
કાગડો કા...કા... કરતો,
કાલુંઘેલું બોલે બાળક
પા પા પગલી ભરતો.

❇❇❇



## ૨૩. 'ગોડ' કહો યા અલ્લા ઈશ્વર

ભારત મારો દેશ છે વ્હાલો,
દુનિયાથી છે વિશેષ ન્યારો,
ગંગા જમના સરસ્વતી,
પવિત્ર નદીઓ વહેતી અહીં.

હિમાલય એની રક્ષા કરે છે,
શંકર ભોળા આશિષ દે છે,
'ગોડ' કહો યા અલ્લા ઈશ્વર,
સૌના પિતા એક પરમેશ્વર.

જાુદે રસ્તો ભલે જઈએ,
તોય આગળ ભેગાં થઈએ,
અનેકતામાં સૌ છે એક,
સાથે રહીએ રાખી વિવેક.

❇❇❇



## ૨૪. સૌની પ્યારી વર્ષારાણી

વાદળ ઊંચે આકાશે દોડે,
કાળાં કોઈ ધોળાં પણ હોયે,
પવન પાંખે ઊડતાં ફરતાં,
મન થાય ત્યાં વરસી પડતાં.

હાથી જેવાં કોઈક લાગે,
ઘોડેસ્વારી કરતાં એ ભાગે,
ખેડૂતનાં એ મિત્ર માનીતાં,
વાદળ જગનાં જીવનદાતા.

ખેતરને કરતાં હરિયાળાં,
તરસી ધરાની પ્યાસ છીપવતાં
કવિ કરે કવિતા વાદળની,
સૌની પ્યારી વર્ષારાણી.

❇❇❇

## ૨૫. રામાયણ - સાર

રામાયણના રામ ભણાવે એક પત્નીવ્રત લેવું,
આજ્ઞા વડીલની પાળતાં કષ્ટ સઘળું સહેવું;
પ્રજાપાલન પ્રેમે કરીને સંતોષવા સૌ જનને,
'કર્તવ્ય મોટું ભાવનાથી' એમ રામ શિખાવે.
'બંધુની સેવા કરવી એ ધર્મ અનુજનો સાચો',
એમ શીખવતા લક્ષ્મણનો ભ્રાતૃપ્રેમ પાકો.
ભાઈ કાજે જુઓ ભરતે રાજગાદી ત્યાગી,
ભ્રાતૃપ્રેમના પાઠ ભણાવે ભરત ખરો વૈરાગી.
સુખ દુઃખે પતિ સંગે રહેવું, વ્રત એ સીતાનું,
ઉત્તમ ઉદાહરણ જાનકી છે દૃઢ પતિ ભક્તિનું;
સેવક સાચા હોય કેવા જુઓ વીર બજરંગ,
રામ-રાવણ યુદ્ધે રાખ્યો હનુમંતે શો રંગ!
પ્રણને કાજે પ્રાણ ત્યાગી દશરથ સ્વર્ગ સિધાવ્યા,
રામાયણનો સાર ગ્રહે તે બને ધીર વીર ડાહ્યા.

❇❇❇



## ૨૬. કરો ખમૈયા બાપ!

જાવ રે વરસાદ,
બાળક પાડે સાદ,
કરી નથી રોટલી,
વધાર્યું ના શાક.

જાવ રે વરસાદ,
ડૂબ્યાં ઘર ને ગામ,
વરસ પછી આવજો,
હવે કરો આરામ.

જાવ રે વરસાદ,
સાંભળો ફરિયાદ,
તૂટ્યાં ઘણાં નદીનાળાં,
કરો ખમૈયાં બાપ!

❇❇❇

## ૨૭. કુરિયરવાળો આવ્યો છે

કુરિયરવાળો આવ્યો છે,
ટપાલ તમારી લાવ્યો છે,
સહી કરીને કાગળ લો,
ઝટપટ એને જાવા દો.

ટપાલી કાગળ આપી જાય,
વગર સહીએ નાખી જાય,
મનીઓર્ડર લાવે જે
મળ્યાની સહી જરૂર લે.

ટેલિફોનની સગવડ થઈ,
ટપાલ તેથી ઓછી થઈ;
જરૂરી વાત હોય લાંબી,
ટપાલ તેમાં બહુ ઉપયોગી.

❇❇❇



## ૨૮. પીને બાળક ખુશખુશાલ

ઘરને મોભે ટે..હૂ..ક ટે..હૂ..ક
મીઠે કંઠે ટહુકે મોર,
સામે છાપરે કા...કા...કા...કા
કરતા કાગડા જો કલશોર.
ચીં...ચીં... કરતાં ચકલાં ચોકે,
ચણ ચણે ને ઊડી જાય,
ઘૂ..ઉ ઘૂઘવે કબૂતર માળે
બોલે ક્યાંથી ના દેખાય.
ભેંસ દુધાળી આંગણ શોભે,
ખેડુ નીરે લીલું ઘાસ;
દૂધ દેતી સવાર સાંજે,
પીનો બાળક ખુશખુશાલ.

❇❇❇

## ૨૯. કદી બાગમાં ફરવા જાઉં

પપ્પા મમ્મી સાથે થાઉં,
કદી બાગમાં ફરવા જાઉં,
ફુગ્ગા લઈએ ફૂટી જાય,
તોય ન પપ્પા ગુસ્સે થાય.
મમ્મી ખારા ચણા અપાવે,
પપ્પા બાગે ફૂલ બતાવે,
બેસી ચકડોળે ગોળ ઘૂમું,
ધીમા ઝૂલે પછી ઝૂલું.
સુગંધ ફૂલની ફોરે બાગે,
ફૂલે ફૂલે ભમરા ભાગે,
આંબા ડાળે કોયલ ગાય,
સાંભળી સૌનાં હૈયાં હરખાય!
ચોખ્ખી હવા સુગંધી ફૂલ,
બાગે હૈયું હળવું ફુલ્લ!

❇❇❇



## ૩૦. હવે તો

ઝળહળ દીવડા લો હવે તો,
આનંદ ઘેલાં સૌ હવે તો.
ચોખ્ખાં ચોક-શેરી કીધાં,
અરમાનભર્યાં દિલ સૌ હવે તો,
મઘમઘતી મીઠાઈ બનાવી,
ભેગાં જમશું સૌ હવે તો.
ચોકે રંગોળી રૂડી સજાવી,
પ્રેમે ભેટ્યાં લોક હવે તો.
દીપોત્સવીનો ઉત્સવ મોટો
સંપે ઊજવીએ સૌ હવે તો.
રૂઠ્યાંને મનાવી લઈને
સાથે રહીએ સૌ હવે તો.

❇❇❇



## ૩૧. બાલનટ

ચાલીએ અમે અલ્લક દલ્લક,
દોરડા ઉપર હાલક ડોલક.

અધ્ધર શ્વાસે ડગલાં દઈએ,
દંગ થાયે આખું મલ્લક!

ભાઈ નાનો ઢોલ બજવતો,
ધીમું ધીમું ઢમ્મક ઢમ્મક.

બાલનટ ભોળા અમે તો
સમતુલનથી રીઝવીએ ખલ્લક.

જોખમભર્યા છે ખેલ અમારા,
જીવતા અમે તો અલ્લક દલ્લક!

❇❇❇



## ૩૨. હું ને મારી નાની બેન

હું ને મારી નાની બેન,
ગણીએ મોઢે વન ટુ ટેન,
એકડ એકથી લખીએ દસ,
ભણવામાં છે અમને રસ.

રોજ કરીએ અમે મુખપાઠ,
ગણતાં આવડે એકથી સાઠ,
ગુરુજીનું સાચવીએ માન,
નિત્ય પ્રભુનું ધરીએ ધ્યાન.

દોસ્તો સાથે સાંજે રમીએ,
સંધ્યા કાળે પાછાં ફરીએ,
વાળુ કરી સાંભળીએ ખાસ,
પરીકથા દાદીમા પાસ.



❇❇❇

## ૩૩. વેરાન વગડો શોભિત થયો!

વસંતનો શો જાદુ થયો,
વેરાન બાગ ફૂલડે ભર્યો,
ઊંઘથી જાગી કુદરત બધી,
પુષ્પે પુષ્પે પમરાટ ભર્યો!

ગીત મધુરાં ભમરા ગુંજતા,
પતંગિયાં રંગબેરંગી ઊડતાં,
શણગાર સજીને ઝાડ ઊભાં,
કલરવ મીઠો પંખીનો થયો!

છૂપી બેઠી કોયલ ટહુકે,
આંબા ડાળે મૉર સુગંધ,
પલાશ શોભે ભડકીલા રંગે,
વેરાન વગડો શોભિત થયો!

❇❇❇





## ૩૪. કરો સમયસર કામ

સમયનું પાલન કરો,
કરો સમયસર કામ,

સમયનો લો સાચવી,
એથી મળશે આરામ.

વહેલા સૂઓ, વહેલા ઊઠો,
શરીર રહેશે દુરસ્ત,

વિદ્યા ને ધન પામશો,
મન પણ રહેશે સ્વસ્થ.

સમય છે સોનાથી મોંઘો,
મળે ન ખરચે દામ,

સદુપયોગ એનો કરો
પૂરાં થશે સૌ કામ.



❇❇❇

## ૩૫. ખેલ આકાશે થાય

સૂરજ ડૂબે, ચાંદો ઊગે,
ખેલ આકાશે થાય,
ટમટમ ટમકતા તારલા
ઝબ્બક ઝબકી જાય.
સૂરજ ઊગે પૂરવમાં
ને અજવાળું રેલાય,
જીવ સઘળા જાગીને ત્યારે
કામ કરતા થાય.
અમૃત વરસાવે ચાંદની,
હૈયાં પુલકિત થાય.
અજવાળા અંધારાની ત્યાં
સંતાકૂકડી રમાય.

❋❋❋







## ૩૬. શૂરવીર સૈનિક ભારતના

અમે શૂરવીર સૈનિક ભારતના,
અમે બહાદુર બાળક મા ભોમના,



દેશ તણી અમે રક્ષા કરશું,
મરતાં પહેલાં દશને મારી
શત્રુ-શક્તિ હણવાના—અમે.

આંધી હો યા તોફાન ભયંકર,
અમે બનીશું શિવ પ્રલયંકર,

સામે આવે જે રિપુ અમારી
મોત વિના સૌ મરવાના—અમે.

શૌર્યભર્યાં અમ હૈયાં આજે,
યા હોમ કરવા માતા કાજે,

કરશું યા તો મરશું કિંતુ
ડગ પાછાં ના દેવાના—અમે.

❋❋❋

## ૩૭. સેવાનો સંદેશો

નદી ઊતરે પર્વત પરથી,
મેદાનોમાં જાતી સરતી,
પશુ-પંખી કાંઠે આવે,
પાણી પીને તરસ છીપાવે.

ઊભાં કિનારે વૃક્ષો મલકે,
કાંઠે મંદિરે ભક્તિ છલકે,
હોડી સરતી નદીના જલમાં,
સામે કાંઠે પહોંચે પલમાં.

સ્નાન કરતા લોકો ઘાટે,
પાવન થઈને પડતા વાટે,
ઉપકાર કરતી સરિતા વહેતી,
સેવાનો સંદેશો દેતી.

❇❇❇



## ૩૮. વૈકુંઠનું સુખ પામ્યાં

ગોપી ગોકુળ ગામની
કાનાને બહુ વહાલી,
માથે મટુકી મૂકીને એ
ગોરસ વેચવા ચાલી.

મારગ વચ્ચે કાનો દીઠો,
ગોપી ઝટપટ ભાગી,
મોરલી મધુર વાગી ત્યારે
વ્યથા વિરહની જાગી.

મોરલીના મધુર નાદે
ગોપ ગોપી ધાયાં,
રાસની રમઝટમાં સૌ
વૈકુંઠનું સુખ પામ્યાં!

❇❇❇

## ૩૯. કરસનકાકાએ દીધાં ઈનામ

“આવો વ્હાલાં બાળક આમ,
આપણે કરીએ ઉપયોગી કામ;
જુઓ આપણી શેરી કેવી,
ગંદકીના કો ઘર જેવી.”

સુણી આવ્યાં બાળક હોંશે.
ઝાડું સાવરણા રાખી સાથે,
કચરો વાળી ઢગ કર્યા,
ટોપલો લાવી એમાં ભર્યા.

“શાબાશ બાળક કમાલ કરી,
શેરીને ચોખ્ખીચટ કરી,
સમૂહમાં કેવો જાદુ થયો,
સ્વાર્થ સાથે પરમાર્થ થયો.”

ખુશ થયાં બાળક તમામ
જોઈ સુંદર પોતાનું ગામ,
કરસનકાકાએ દીધાં ઈનામ,
ભૂલકાંઓને મળ્યું બહુ માન.

❇❇❇





## ૪૦. હું તોફાની મસ્તીખોર

હું છું તોફાની મસ્તીખોર,
ડાહ્યો કદી હું સીધોદોર,
જાત ભાતના ખેલ કરું,
કદી ધમાલ કલશોર કરું !

માનું મારા મનની વાત,
બીજી મારે ના પંચાત,
કદી અજવાળાથી હું ડરતો,
કદી ઘોર અંધારે ફરતો!

ભૂખ્યાને જઈ ભાખરી દઉં,
તરસ્યાને પાણી પણ પાઉં,
બાનો વ્હાલો બેટો છું હું,
બા કહે તો બધું કરું.



❇❇❇

## ૪૧. ચણતર પાયાનું કરવું છે

સારા ખેડૂત થઈને મારે
અનાજ બહુ પકવવું છે,
ભૂખમરાને ભગાડી મૂકી
આબાદ દેશમાં જીવવું છે.

હું તો સારો શિક્ષક થઈશ,
ચણતર પાયાથી કરવું છે,
ઉત્તમ નાગરિક તૈયાર કરીને
ઘડતર દેશનું કરવું છે.

ભણીને હું દાકતર થઈશ,
સમાજસેવા કરવી મારે,
બીમારીનો દેશવટો દઈ
આરોગ્ય સૌનું સાચવવું છે.



❉❉❉





## ૪૨. વાદળ છે જીવન આધાર

વાદળ ધોળાં ગગન છવાયાં,
વાદળ પાણી ભરવા ચાલ્યાં,
વાદળ ઉત્તર દિશાએ હાલ્યાં,
વાદળ આગળ પાછળ ચાલ્યાં.

વાદળ પાણી લઈને આવ્યાં,
વાદળ ગરજી વરસી ચાલ્યાં,
વરસી તરસી ધરતી ભીંજવી,
વાદળ પાણી દઈને હાલ્યાં.

નદી સરોવર ભરપૂર ભર્યાં,
વાદળ વરસીને ખાલી થયાં,
વાદળના છે બહુ ઉપકાર,
વાદળ છે જીવનનો આધાર.

❉❉❉



## ૪૩. બાળ સૈનિક બહાદુર

દેશના સૌ રક્ષક બનો,
દુશ્મનના ભક્ષક બનો,
બાળ સૈનિક બહાદુર,
આઝાદીના સંરક્ષક બનો.

અમૂલ્ય આઝાદી મળી છે,
'બાપુ'ની તપશ્ચર્યા ફળી છે,
વીર યુવાનો શહીદ બન્યા છે,
ત્યારે સુખની ઘડી મળી છે.

જવાબદારી છે બાળ તમારી,
ભવિષ્ય તમે લેજો સંભાળી,
મોટી આંધી પાર કરી પણ
ભૂલભૂલૈયા દુનિયા સારી.

દેશ સાચવજો એક બનીને,
વિશ્વશાંતિનો મંત્ર જપીને,
ફળો ફૂલો આબાદ બનો,
જગમાં જીવવું જાગૃત રહીને.

❇❇❇





## ૪૪. દડબડ કરતું ચાલ્યું

એક છોકરું નાનું,
રમતું છાનુંમાનું,
દૂરથી જોઈ માતાનો
રડવા મળ્યું બહાનું.

પાસે આવી માતા,
બાળકને થઈ શાતા,
માતાએ ખોળામાં લીધું,
બાળકને હસતું કીધું.

દૂધ માતાએ પાયું,
બાળકનું પેટ ભરાયું,
બોલતું કાલું કાલું,
દડબડ કરતું ચાલ્યું!

❇❇❇



## ૪૫. 'અછાલિયા' નામે ગામ એક

'અછાલિયા' નામે ગામ એક,
નાનું સરખું ગામડું છેક,
આઠડે મીંડે એંસી ઘર,
તેમાંય કેટલાંક બંધ હવડ.

પહેલાં ભરચક વસ્તી હતી.
આનંદ મંગલ કરતી હતી,
ધીરે ધીરે ભણતા થયા,
તેથી શહેરમાં જઈને રહ્યા.

ગામ થયું એ ખાલી ખમ,
જાણે ચોરોએ લૂંટ્યું ધન,
શુદ્ધ હવા ને પાણી ગયાં,
શહેરમાં જઈને માંદાં થયાં!

ચોખ્ખું છોડી પ્રદૂષણમાં ગયાં,
સાંકડાં વાસે જઈને રહ્યાં,
ગામડું છોડી જે કોઈ ગયાં,
સુખી હતાં તે દુઃખી થયાં.

❇❇❇



## ૪૬. કદમ મિલાવો

ભોળાં બાળક આગળ ચાલો,
દુનિયા સાથે કદમ મિલાવો,
કૂદકે ભૂસકે દોડે દુનિયા,
તમેય લાંબી છલાંગ લગાવો.

વિજ્ઞાનની શોધોને જાણો,
એના લાભ સમજીને માણો,
પૈસો પ્રતિષ્ઠા બંને પામો,
દેશસેવાનાં કરજો કામો.

ધરતી છોડી આકાશ ગયા,
ત્યાંથી ઊડી અવકાશ ઘૂમ્યા,
ચાંદામામા ન મહેમાન થયા,
અદ્ભૂત આવી વિજ્ઞાન કથા.



❇❇❇

## ૪૭. રજવાડે એનાં માન

(ઉખાણાં)

(૧)

કાળી એની કાયા છે,
પંખા જેવા બે કાન,
ઝીણી આંખે ચોગમ જુએ,
રજવાડે એનાં માન.

(૨)

સહેલી સવારી એનું નામ,
જેમાં પડે ના પેટ્રોલનું કામ,
સાંકડે રસ્તે પણ દોડ્યા કરે,
વફાદારીથી સેવા સૌની કરે.

(૩)

રંગે તો એ કાળી છે,
પણ મીઠી એની વાણી છે,
વસંત એને વ્હાલી છે,
રહે સદા છુપાતી એ.

❇❇❇

જવાબ : (૧) હાથી (૨) ઘોડો (૩) કોયલ



## ૪૮. રવિવાર એમ ઊજવશું

જુવારના ખેતરમાં જઈશું,
ગરમ મીઠો પોંક ખાઈશું,
કૂળી તાજી કાકડી ખાતાં
દાદા સાથે આનંદ કરશું.

સાંજે મિત્રો નદીએ જઈશું,
પવિત્ર જલને માથે ધરશું,
સામે આરે હોડીમાં જઈશું,
મંદિરમાં ત્યાં દર્શન કરશું,

ઘેર આવીશું સંધ્યાકાળે,
હસતાં રમતાં કલ્લોલ કરતાં,
રવિવાર એમ અમે ઊજવશું
સોમવારથી શાળામાં જઈશું.



❇❇❇

## ૪૯. રેલગાડી

રેલગાડી આવી જુઓ
છુક છુક કરતી,
ભાગે દોડે જલદી તોયે
સ્ટેશને આરામ કરતી.

કોઈ ચઢે ને કોઈ ઊતરે,
આવનજાવન ચાલે,
ધનિક ગરીબ સૌ સાથે બેસે,
સમાન સૌ જન લાગે.

મિલન કરાવે કોઈ સ્વજનનું,
વિરહ પણ કો'નો થાતો,
મળવું ને જુદાં પડવું એ ક્રમ
સ્ટેશન ઉપર સમજાતો.

❈❈❈



## ૫૦. હસતો રમતો ગાય કનૈયો

હસતો રમતો ગાય કનૈયો,
ગોકુળ ઘેલું કરતો કનૈયો,
જશોદાનો વહાલો છૈયો,
નંદનો દુલારો કનૈયો.

માખણ ગોપીનાં ચોરી ખાતો,
વનમાં ગાયો ચારે કનૈયો,
બંસી નાદે ગોપી ઘેલી,
રાધાને ચાહે દિલથી કનૈયો.

યમુના કાંઠે રાસ રચાવે,
એક ગોપીને એક કનૈયો!
ગોપાલોનો એ વડો ગોવાળો,
કરતો લીલા નિત કનૈયો!

❈❈❈